R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 2 May - 2011

## ક્રોધથી સાવધાન

ક્રોધ પુરૂં ખાનદાન ધરાવે છે. ક્રોધની એક લાડકી બેન 'જીદ' છે. તે હંમેશા ક્રોધની સાથે જ રહે છે. ક્રોધની પત્ની હિંસા છે. તે હંમેશા છુપાયેલી પરદાની પાછળ રહે છે. ક્યારેક અવાજ સાંભળી બહાર આવે છે. ક્રોધનો મોટોભાઈ અંહકાર છે.

ક્રોધના પિતાનું નામ ભય છે. નિંદા અને ચાડી ચુગલી ક્રોધની દીકરીઓ છે. એકનું સ્થાન મોઢા પાસે અને બીજી કાન પાસે રહે છે. પુત્રનું નામ વેર છે. ઈર્ષા આ ખાનદાનની બદમિજાજ વહુ છે. આ પરિવાની પૌત્રી ધૃણા છે. ધૃણા હંમેશા નાક પાસે રહે છે. નાક અને ભ્રમરને ચડાવવાનું કામ ધૃણા કરે છે. તેની ઉપેક્ષા એ ક્રોધની માતા છે.

વિચારો ક્રોધ આવે ત્યારે સમગ્ર ખાનદાન મેદાનમાં આવી જાય છે અને ક્રોધ જે ભયંકર પરિણામ સર્જે છે તેનું શબ્દો દ્વારા બ્યાન થઈ શકે નહીં. માટે આ ખાનદાનના ભોગ બનવાનું તમો સહાસ કરશો નહીં.

– સંકલન

2nd Cover Page

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# ૬૧મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

**તા. ૩૦.૪.૨૦૧૧**

ભાઈશ્રી/બહેનશ્રી

આથી ઉપયુક્ત સંસ્થાના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬.૬.૨૦૧૧ રવિવારે સાંજે ૪ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીયાના પ્રમુખ સ્થાને શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (બા.ન.સંઘ કાર્યાલય), ૧૧૮/૧૨૦ અરદેસર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪ ખાતે નીચે જણાવેલ કામકાજ માટે મળશે. કોરમના અભાવે મુલત્વી રહેલી આ સભા, એ જ તારીખે અને એ જ સ્થળે અડધો કલાક બાદ ફરીથી મળશે.

**સભાનું કામકાજ**

૧) ૬૦ મી વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી આપવા.

૨) શૈક્ષણિક પારિતોષિકોનું વિતરણ

૩) આંતરીક રમત-ગમત વિજેતાઓને પારિતોષિકોનું વિતરણ

૪) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ની કાર્યવાહક સમિતિના અહેવાલને બહાલી આપવી.

૫) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના પુર્ણ થયેલા વર્ષના અનવેષિત હિસાબી નિવેદનને બહાલી આપવી.

૬) વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટે અન્વેષકની નિમણુંક તેમજ તેમનું માનદ મહેનતાણું નક્કી કરવા.

૭) ચૂંટણીના પરિણામ જાહેર કરવા.

૮) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે.

૯) પ્રમુખશ્રીનું ભાષણ.

**માનદ્ મંત્રી - મંજુલ ધારીઆ (હેડ માસ્તર)**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૫ | ૨ | ૧૪-૦૫-૨૦૧૧ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
અમીત વ. પારેખ
પત્રવ્યવહારનું સરનામું
**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

*

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**
૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ
ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.
ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧
(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫ (મો) : ૯૮૨૦૧૩૫૦૧૪

*

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

*

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**visit us at www.balasinor.org**


## લગ્નનો ચાર્મ કેટલી ઉંમર સુધી ?

**તંત્રી સ્થાનેથી**

સૈફ અલી ખાન અને કરીનાએ એકાદ વર્ષ પછી લગ્ન કરવાનું નક્કી કર્યું છે. એવા સમાચાર હાલમાં વાંચ્યા. આ સૈફના પ્રથમ લગ્ન ઉંમરમાં લગભગ આઠ વર્ષ મોટી અમૃતાસિંગ સાથે થયેલા. જે ખાસા વર્ષો પછી છુટાછેડામાં પરિણમ્યા, અને હવે પોતાનાથી નાની કરીના સાથે લગ્ન કરવાનો છે. કહેવાય છે કે દરેક પુરુષ પોતાની પત્નીમાં માનો પ્રેમ, મિત્રનો પ્રેમ અને પુત્રીનો પ્રેમ ઈચ્છે છે. કદાચ સૈફને આ બધા પ્રેમ જુદી જુદી પત્નીઓમાં દેખાયો હોય. કરીના કદાચ સૈફમાં પિતાનો પ્રેમ શોધતી હોય, અમૃતા સિંગે પુત્રનો પ્રેમ મેળવવા લગ્ન કર્યા હોય. બહુ કન્ફ્યુઝીંગ સ્ટોરી છે પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીસમાં સંબંધો આમ પણ બહુ કોમ્પ્લીકેટેડ હોય છે. મોટી મોટી હીરોઈનો પરણેલા અને પોતાનાથી બહુ મોટા પુરુષને કેમ પરણતી હશે કે પછી એમના પ્રેમમાં કેમ પડતી હશે એ વિચારવા જેવી વાત છે.

મારા લગ્ન જીવનના ૨૫માં વર્ષે લગ્ન વિષે, લગ્ન સંસ્થા વિષે વિચારવાનો પ્રયત્ન કર્યો છે. કદાચ બધા સંમત ન પણ હોય, પણ આ ફક્ત મારા વિચારો છે.

આ પૃથ્વી ઉપર નાનકડા જીવથી માંડીને, પશુ, પક્ષી, વાનર અને માનવ દરેકમાં સ્ત્રી અને પુરુષ વચ્ચેનું આકર્ષણ એક કુદરતી બાબત છે. પ્રજોત્પત્તિ માટેનું આ આકર્ષણ દરેક જીવમાં જોવા મળે છે. નાનકડા કીટકથી માંડીને માનવ સુધીના બધા જ જીવો નર કે નારી ને આકર્ષવા માટે અવનવા અવાજો અને વિવિધ ચેષ્ઠાઓ દ્વારા પ્રયત્નો કરતાં હોય છે. સારસ જેવા થોડા ઘણા પક્ષીઓ કે પશુઓને બાદ કરતાં મોટાભાગે બહુ પત્નીત્વ કે બહુપતિત્વ જોવા મળે છે. માણસ પણ પહેલાં પશુ જ હતો એટલે આવી જ પ્રથામાં મુક્ત કામવૃત્તિ

ભોગવતો હતો. જેમ જેમ માનવી સામાજીક પ્રાણી બનતો ગયો તેમ તેમ આ મર્યાદા વિનાના ભોગવાદ ઉપર નિયંત્રણ નાખતો ગયો. વિવિધ ધર્મો અને પ્રજાઓ દ્વારા લગ્ન સંસ્થાની રચના થવા લાગી. કેટલાંકે બહુપત્નિત્વની મર્યાદિત સંખ્યામાં છુટ આપી. બાકીના લગભગ બધાએ એક પતિ અને એક પત્નીવાળી લગ્ન સંસ્થાનું રૂપ આપ્યું. અને આમ લગ્ન સંસ્થાની રચના થઈ. અને સ્ત્રી પુરુષ વચ્ચેના ધાર્મિક, સામાજીક, કુદરતી અને નૈતિક સંબંધોને લગતા પ્રશ્નોને દિશા મળી. ''ધર્મના સોગંદ ખાઈને, સામાજીક સ્વીકૃતિ દ્વારા કુદરતી આવેગોને અને પ્રજોત્પતિની ઈચ્છાઓને વાચા આપતો આ સંબંધ એકબીજાને વફાદાર રહીને સાથે રહેવા માટેનો નૈતિક સંબંધ બન્યો.'' બેફામ કામવૃત્તિને લગામ લાગી અને સ્ત્રી અને પુરુષને જીવનભરનું કમીટમેન્ટ મળ્યું. જેથી એ બન્ને વચ્ચે કાયમી પ્રેમ પાંગરી શકે. છેલ્લા થોડા વર્ષોથી કેટલાંક કહેવાતા બુધ્ધિજીવોએ આ લગ્ન સંસ્થાના કાંગરા ખેરવવાનો પ્રયત્ન 'લીન ઈન રીલેશન', 'વન નાઈટ સ્ટેન્ડ' દ્વારા કરી રહ્યાં છે, પરંતુ એ સંખ્યા બહુ જુજ છે અને લગ્ન સંસ્થા બહુ મજબુત છે. સતત સહવાસ અને પ્રેમ વગરની કામવૃત્તી ફરીથી મનુષ્યને પશુવૃત્તી તરફ દોરનારી છે. કદાચ આજ લોકો એઈડસના ઝડપી ફેલાવા માટે જવાબદારી છે. ખેર, વાત આજે કઈ ઉંમરે લગ્ન કરવા જોઈએ અને પતિ પત્ની વચ્ચેનો ઉંમરગાળો કેટલો હોવો જોઈએ એની કરવી છે.

જુના કાળમાં સ્ત્રીના લગ્નની ઉંમર એના પ્રથમ રજોદર્શન પછીની અને પુરુષના લગ્નની યોગ્ય ઉંમર એના પ્રથમ વીર્યસ્ત્રાવ પછીની ગણાતી. છોકરા અને છોકરીના પુરુષ અને સ્ત્રીમાં રૂપાંતરની આ પ્રથમ નિશાનીઓ ગણાતી અને લગ્ન માટેની એ ઉંમર મનાતી કારણ કે કુદરતી કામવૃત્તી અને આવોગોની એ શરૂઆત કહેવાય અને એની પુર્તિ કરવા લગ્ન સંસ્થા દ્વારા સ્ત્રી અને પુરુષને જોડવામાં આવતાં. જેમ જમાનો આગળ વધતો ગયો અને મનુષ્ય વધુ ભણતો થયો એમ એમ પુરુષને સ્ત્રીના રૂપાંતરની વય અને લગ્નની વય વચ્ચેનો સમયગાળો વધતો ગયો. પહેલાં બાર તેર વર્ષે લગ્ન થતાં એ ઉંમર વધીને અઠાર વીસ પછી બાવીસ ચોવીસ અને હવે વધીને અઠયાવીસ ત્રીસ સુધી પહોંચી છે. લાંબુ ભણતર અને કારકીર્દી ઘડવા માટે હવે લગ્ની ઉંમર પાછળ ઠેલાતી જાય છે. લાઈફમાં સેટ થયા પછી લગ્નની જવાબદારી લેવી જોઈએ એવા વિચારો નવી પેઢી કરે છે. જવાબદારી નિભાવી શકાય તો જ લેવી જોઈએ એવી એમની દલલીમાં વજુદ છે પરંતુ લગ્ન જીવનના ચાર્મની અને સફળતા માટેની કેટલીક વાતો તેઓ વિસરી જાય છે.

પ્રથમ વાત છે પ્રેમની, આકર્ષણની, મુગ્ધા અવસ્થાની, યુવાનીના થનગનાટની છે. આકાંક્ષાઓની, સપનાઓની, પરિકથાની કલ્પાનાઓની, પ્રેમમાં અને એકબીજામાં સમાઈ જઈ ફના થઈ જવાની વૃત્તીઓની. આ બધી વાતો સોળ વર્ષથી પચ્ચીસ છવ્વીસ વર્ષ સુધી હકીકત લાગે પછી આ બધી વાતો બાલિશ લાગવા માંડે, વયની સાથે મેચ્યોરીટી વધતી જાય અને ઉપરની બધી જ વૃત્તીઓ મુર્ખાઈ ભરી લાગવા લાગે. જોકે ઘણા લોકો આ વૃત્તીઓને વયની વધવાની સાથે મોટી ઉંમરે પણ પોતાની અંદર સાચવી શકે છે અને ઉત્સાહથી જીવી શકે છે. બાકી વયની સાથે આ બધી વૃત્તીઓ જે લગ્નજીવનના સર્વોચ્ચ આનંદ અને ચાર્મ માટે ખુબ જ જરૂરી છે એ સુકાઈ જાય છે અને માનવી નીરસ બની જાય છે.

બીજી વાત છે કામશક્તિ અને કામવૃત્તિઓની. તેર ચૌદ વર્ષે શરૂ થનારી આ વૃત્તિઓ વિવિધ રીતે સંતોષાતી હોય છે. યોગ્ય ઉંમરે જો લગ્ન ન થાય તો નાના મોટા લફરાં માં ફસાઈ જવાની, કુટેવોમાં અટવાઈ જવાની અને ક્યારેક કુદરત વિરુધ્ધના

અપલક્ષણોમાં અટવાઈ જવાની શક્યતાઓ વધી જાય છે. આમ પણ સોળથી ચાલીસ વર્ષનો કામ શક્તિ માટેનો સુવર્ણકાળ ગણાય છે. બહુ મોટી ઉંમરે થતાં લગ્નોમાં આ સુવર્ણકાળ વેડફાઈ જાય છે. આ ઉપરાંત આ બાબતમાં એક બીજાને એડજસ્ટ થવાની વૃત્તિ પણ ઘટી જાય છે અને ઘર્ષણ તરફ દોરી જાય છે.

ત્રીજી વાત છે માઈન્ડ સેટની. મોટા ભાગે, મોટી ઉંમરે થતાં લગ્નોમાં કારકીર્દીને મહત્વ આપતાં બે જણ જોડાય છે અથવા તો ઘણી બધી બાંધછોડ કર્યા પછી ચલાવવું પડશે એવી વૃત્તિથી લગ્નો ગોઠવાય છે. આ બન્ને પરિસ્થિતીમાં બન્ને પક્ષે એકબીજાનું અવલંબન ઓછું હોય છે. થોડી ખુમારી અને થોડું અભિમાન પણ આવી જતું હોય છે. સહનશક્તિ ઓછી થઈ ગઈ હોય છે. અપેક્ષાઓ વધુ હોય છે, એકબીજામાં ઓગળી જવાની વૃત્તિ કે સમર્પણની ભાવના ઓછી થઈ ગઈ હોય છે. 'ઘણી બાંધછોડ કરી હવે, વધુ નહી' એ વૃત્તી આવી ગઈ હોય છે.

ચોથી વાત છે બાળજન્મની અને એના ઉછેરની. જેમ જેમ સ્ત્રીઓની ઉંમર વધે તેમ તેમ પ્રસુતિને લગતી મુશ્કેલીઓ વધતી જાય છે. શારીરીક રીતે મા બનવાની અને કુદરતી રીતે બાળકને જન્મ આપવાની શક્તિ ઘટતી જાય છે. ઘણા કિસ્સાઓમાં વિજ્ઞાનનો આશરો અને અનેક ડોકટરી પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. આ ઉપરાંત પાછલી ઉંમરમાં બાળકોનો યોગ્ય ઉછેર અને એમની કારકીર્દી ઘડવામાં મદદરૂપ થવાની શક્તિ ક્ષીણ થઈ જાય છે.

આ બધી બાબતોનો વિચાર કરીએ તો લગ્ન માટેની ઉંમર ૨૩ થી ૨૬ વર્ષ ગણાય. આનાથી નાની વયના લગ્ન ક્યારેક ઈમેચ્યુરીટીને લીધી નિષ્ફળ જાય છે તો આનાથી મોટી ઉંમરે થતાં લગ્નો ઓવર મેચ્યુરીટીને લીધે લગ્નનો ચાર્મ ગુમાવી દે છે. જો કે દરેક કિસ્સામાં અપવાદ તો રહેવાના જ.

લગ્ન માટે બન્ને વચ્ચેના એઈજ ડીફરન્સની વાત કરીએ તો મોટા ભાગની સ્ત્રીઓ પોતાના જીવન સાથી તરીકે પોતાનાથી વધુ ભણેલો, વધુ પૈસાવાળો, વધુ કમાતો, વધુ સફળ અને આર્થિક રીતે સધ્ધરતા અને સુરક્ષાની ખાતરી આપતાં જીવનસાથીની અપેક્ષા રાખતી હોય છે. સ્ત્રી ભલે કબુલ ન કરે પણ પોતાને વશમાં રાખતો, એને સુરક્ષાની હુંફ આપતો, કદ અને બળમાં પોતાનાથી વધુ સક્ષમ જીવનસાથી ઈચ્છતી હોય છે અને એટલે જ કદાચ પોતાનીથી મોટી ઉંમરનો જીવનસાથી એને મંજુર હોય છે. સામે પક્ષે પુરુષ સ્ત્રીમાં અલ્લડતાં, ચંચળતા, રોમેન્ટીમીઝમ, નાજુકતાં પરિપકવતા ઈચ્છતો હોય છે. આમ પણ સ્ત્રીઓ ઉંમર પ્રમાણે પુરુષથી જલ્દી પરિપકવ થતી હોય છે એટલે પુરુષો પોતાનાથી નાની ઉંમરની સ્ત્રીઓનો સ્વીકાર કરે છે. જોકે સરખી ઉંમરના, સાથે ભણતાં કે સાથે કારકીર્દી ઘડતા યુગલો પણ સફળ થયાના ઘણા કિસ્સા છે કારણ કે ત્યાં બધાં કરતાં મૈત્રી સંબંધ વધુ મજબુત હોય છે પરંતુ બધું જોવા જઈએ તો એક થી પાંચ વર્ષનો ઉંમરનો તફાવત યોગ્ય ગણાય. વધુ મોટો ફરક શરૂઆતના આકર્ષણ બાદ ગુંગણામણરૂપ બને છે.

આ બધી બાબતો પછી પણ સફળતાની છેલ્લી ચાવી તો પતિ પત્નીનો પરસ્પરનો પ્રેમજ છે. લગ્નજીવનની સફરમાં કામવૃત્તી, ભૌતિક સુખો, આકર્ષણ ધીરે ધીરે લુપ્ત થઈને જો એકબીજા પ્રત્યેનો પ્રેમ ઉચ્ચ કક્ષાએ પહોંચે તો એ દૈવી પ્રેમ કહેવાય અને જો આ કક્ષાએ પહોંચવાની બન્ને પતિ પત્નીની તૈયારી હોય, ખરેખર જો સાત ફેરા ફરતી વખતે એકબીજાને આપેલા વચનો અક્ષરઃશ નીભાવવાની તૈયારી હોય તો સફળ લગ્ન જીવન માટે વયની કોઈ મર્યાદા નડતી નથી.

**- નિખિલ પરીખ**

# મરણોત્તર સેવા

સેવા એ સેવા જ છે, ચાહે ઠાકોરજીની કરો યા માનવીની યા અંધજનોની. આ સેવા તો મરણોત્તર એટલે મરણ બાદ કરવાની છે. તમને કદાચિત થશે મર્યા પછી અચેતન શરીર થયા પછી કઈ રીતે સેવા કરવાની? 'હાથી મરે સવા લાખનો'. આપણી આંખોનું દાન કરવાનું છે. નેત્રદાન કરવાથી બે આંખો તમારી જો અંધજનને મળે તો બે જણ દેખતા થઈ શકે છે. જેની દુનિયા સાવ જ અંધારી છે, જેને કદી રંગ, રૂપ, આકાર, જોયા જ નથી એવા બે અંધજનોને જીવન માણવાને તમારા બે નેત્રોની ખુબ જ જરૂર છે અને તે પણ મર્યા પછી.

હિંદુ ધર્મ અનુસાર આપણે શરીરને મૃતપ્રાય થાય કે બાળી દેવાય છે. જો આપણા શરીરની રાખ જ થવાની હોય તો એ પહેલાંની પ્રક્રિયા રૂપ બન્ને આંખો કાઢી લેવાની હોય છે. જે વ્યક્તિની મર્યા પછી આંખો કાઢી લેવાની હોય એના માથા નીચેથી ઉશીકું કાઢી લેવુ અને આંખ ઉપર ભીના રૂના પોતા મૂકી દેવા. ડૉકટરને ફોન કરી દેવો જેથી તેઓ આંખો કાઢીને લઈ જઈ શકે. આ ઉપરાંત તમે પુરેપુરા દેહનું દાન કરી શકો છો. જેથી કરીને મેડિકલ કોલેજના સ્ટુડન્ટસને ભણવામાં પ્રેકટીકલી કામ લાગે અને જો તમારે 'સ્કીન'નું એટલે કે ચામડીનું દાન આપવું હોય તે માટે પહેલેથી હોસ્પીટલમાંથી ફોર્મ મળી શકે છે તે ફોર્મ ભરીને આપવાથી દાઝેલા, બળેલા, દર્દીઓને તમારી ચામડી કામ લાગે છે અને આ કામ મહા પુણ્યનું છે. બાળીને રાખ કરવાથી તમારા હાથમાં કંઈ જ આવશે નહી, ઉપરથી પુણ્યનું ભાથું મળે સોદો સસ્તો પણ મહામુલો છે. મર્યા પછી ફક્ત આંખો અને સ્કીન એટલે કે ચામડી બેજ બીજા જીવોને ઉપયોગી થાય છે.

હવે તમને સાંચી સેવાનું મુલ્ય સમજાશે. ઠાકોરજીનું છબીજીમાં નિરૂપણ કરી સેવા તમે સર્વે કરતાં જ હશો. પણ આ સેવાની મહાનુભાવતા સમજ્યા પછી તમને તેનું મુલ્ય સમજાશે. જે સ્વર્ગના દરવાજા પરે લાગેલા તાળાની ચાવી બની રહેશે. આપણે જો અંધ હોઈએ તો? આગમાં આપણે ખુબજ બુરી રીતે દાઝી ગયા હોય તો?

મેં પોતાનું શરીર ડોનેટ કર્યું છે. જેથી કરીને આંખો અને સ્કીન બીજાને ઉપયોગી થઈ શકે.

હવેનો પ્રશ્ન એ છે કે ? અને એનો જવાબ પણ હું આપીશ. ૨ થી ૯૨ વર્ષનાની આંખો અને ચામડી કામ આવે છે. આંખોનું મોતિયાનું ઓપરેશન થયું હોય તો પણ આંખો કામ આવે છે અને ચામડી પર જો કોઈ પણ જાતનું સ્કીન ડીસીઝ થયેલો હોય એની ચામડી કામ નથી આવતી. બાકીનાઓ ચામડીના દાન માટે હોસ્પીટલમાંથી ફોર્મ લાવી ભરી શકે છે અને જ્યારે આપણો દેહ નિર્જીવ થાય ત્યારે આપણે એમ્બ્યુલન્સમાં બોડી પહોંચાડી આવવાનું હોય છે અને એના કોમ્પેનશેસનમાં હોસ્પીટલવાળા તે પેટે રૂપિયા તમને પરત કરે છે. ચૂકવી દે છે. નીચે મેં નંબર આપેલા છે. સ્કીન ડોનેશન માટેનું ફોર્મ લાવીને ભરવાથી તેઓ તમારી ચામડી લઈ જશે આવીને ફોનની ઘંટડી રણકાવવાની જ જરૂરત પડશે. અને આંખોના નેત્રદાન માટે આંખો કાઢીને લઈ જાય એ માટે ડૉકટરને ફોન કરવાનો રહેશે. અને આખુ બોડી, મેડીકલ કોલેજના સ્ટુડન્ટને શીખવા માટે આપવું હોય તો જે. જે. હોસ્પીટલમાંથી ફોર્મ લાવીને ભરીને આપી દેવું. બાળીને રાખ કરવા કરતાં મહામુલુ, અણમોલ પુણ્ય મેળવી, અંધજન, દાઝેલા અને ડૉકટર બનતી વ્યક્તિઓને નેત્ર, ચામડી અને શરીર આપો. સમાજના દરેક જણ આ વિચારે અને જાગૃત બને અને ઠાકોરજીની સાંચી સેવાને અપનાવે.

આત્મા સો પરમાત્મા

બોડી ડોનેટ કરવા માટે - જે. જે. હોસ્પીટલ - પ્રકાશ દેસાઈ - ૨૩૭૩૫૫૫૫ , Burns Unit-Sion Hospital સ્કીન માટે - મીના કુમાર - ૨૨૪૦૭૬૩૮ Ext. 440-248, બ્લડ બેંક - ૨૩૭૩૯૪૦૦.

સ્કીન ડોનેશનના પેપરમાં આવેલા નંબર : ૯૮૨૦૦૭૫૬૪૫/૯૮૨૧૫૨૩૦૭૬ ૯૮૨૧૧૧૯૪૫૧

**- ઉષા શૈલેષ ધારીઆ**

## "Eye & Skin Donation"

### શ્રી પ્રકાશ દેસાઈ

### જે. જે. હોસ્પીટલનો નંબર - ૨૩૭૩૫૫૫૫

બોડી ડોનેટ કરવા - જે. જે. હોસ્પીટલમાંથી ફોર્મ લાવવું મર્યા પછી આપણે એમ્બ્યુલન્સમાં બોડી લઈ જવાનું. તે પહેલા ફોન જરૂરથી કરી દેવો. એમ્બ્યુલન્સનો ખર્ચ હોસ્પીટલવાળા રીફન્ડ આપશે. સ્કીન (ચામડી) અને (આંખ) આંખો માટે સાયન હોસ્પીટલમાં ફોન કરી દેવાથી તેઓ આવીને આંખ અને ચામડી લઈ જશે. માત્ર ફોન તરત જ કરવો. મોડામાં મોડુ છ કલાક. આ પછી કામ નહિ લાગે.

૨ થી ૯૨ વર્ષનાની કામ લાગે. મોતિયાનું ઓપરેશન થયું હોય તો પણ કામ લાગે- માથા નીચેથી ઉશીકું કાઢી લઈ આંખ પર ભીના પોતારૂના મૂકવા.

ફોન નંબર : ૨૨૪૦૭૬૩૮ - Ext. 440-248

મીના ઠક્કર - Burn Unit / Eye Unit = Sion Hospital

બ્લડ બેંક : ૨૩૭૩૯૪૦૦

સ્કીન ડીઝીઝ યા કેન્સર વાળાની ચામડી કામ આવતી નથી.

## સબસે ઉંચી તેરી સગાઈ

હરિ બિન કોન કરે કે સહાયી
પ્રભુ બિન કોન કરે કે સહાયી... હરિ
જગમેં જાની સબસે ઉંચી તેરી સગાઈ
અવર સુપ્રીતી લાગે મોહે રે નાકારી... હરિ

સાંચી રે જાની એક તેરી શરણાયી
બલિહારી ગાઉં મે પ્રભુ દિનનરાતી... હરિ

તેરી પ્રિતિ બનજાયે પ્રભુ મેરી દુહાયી
પ્રિયકર જાનું અંત કરે મેરો હરિ સહાયી ... હરિ
હરિબિન કોન કરે રે સહાયી
પ્રભુ બિન કોન કરે કે સહાયી...

**- ઉષા શૈલેષ ધારીઆ**

# અષ્ટવક્ર સંહિતા (ગીતા)

**- જયંતિભાઈ ગાંધી**

**(ગતાંકથી ચાલુ)**

જો આપણે ભગવાનને મનુષ્યરૂપ આવવું હોય તો અત્યાર સુધીના માનવ ઈતિહાસમાં શ્રી કૃષ્ણથી વિશેષ સારી રીતે કોઈ જીવ્યું નથી. તેથી કૃષ્ણને ભગવાનનું રૂપ આપ્યું છે તે ઠીક જ કર્યું છે. આ જ તો કૃષ્ણની મહત્તા છે. શ્રીકૃષ્ણ જીવનની મહત્તાનું રહસ્ય શબ્દો દ્વારા પ્રકટ થઈ શકે નહીં. મનુષ્યની ભાષા ખૂબ જ ટાંચી છે. આપણે તો તેમના જીવનનો અભ્યાસ કરી એક નાનકડો દિપક સળગાવવાનો છે. આ દિપકથી આપણને ચાર ડગલા ચાલવા પુરતો પ્રકાશ મળી રહેશે. ચાર ડગલા ચાલશું તો બીજા ચાર ડગલા ભરવાનો અવસર મળશે. આ રીતે આપણે સૌએ યાત્રા કરવાની છે. જો યાત્રા કરવી હોય તો ચાલવું જરૂરી છે. કે હવે શબ્દજ્ઞાનથી યાત્રા સંભવ નથી.

આપણે આપણાં મન સાથે એક વાત દ્રઢ કરી લઈએ કે આપણે શ્રીકૃષ્ણે દર્શાવેલા માર્ગ પર ચાલીશું. કોઈ એમ ન માને કે શ્રીકૃષ્ણ તો ભગવાન હતા. તેઓ આ બધુ કરી શક્યા. આપણા જેવાં સાધારણ માણસો શું કરી શકે ? શ્રી કૃષ્ણ પણ આપણા જ જેવા મનુષ્ય હતા. તેમના ગુણો અને સિદ્ધીઓને શાસ્ત્રોએ રૂપકો દ્વારા વર્ણવેલાં છે. આપણે એ રૂપકોને સમજીએ તો સ્પષ્ટ થશે કે આપણે આપણી વૃત્તિઓને જ કાબુમાં રાખવાની છે.

**કંસ :** શાસ્ત્રો એમ કહે છે કે કંસના અત્યાચાર ખૂબ વધી ગયા તેથી ભગવાન વિષ્ણુએ દેવકીની કુખે જન્મ લીધો અને તેનો નાશ કર્યો. જરા વિચાર કરો કે જે જન્મયો છે તે મૃત્યુ પામવાનો જ છે. કાળક્રમે બધા જ મૃત્યુ પામે છે. તો એક કંસ જેવી વ્યક્તિને મારવા માટે ભગાવન વિષ્ણુએ આટલો બધો પ્રયાસ કરવો પડે ? અને માની લઈએ કે એમ છે તો જે બાળક હોવા છતાં અનેક દૈત્યોને મારી શકે છે તેને માટે કંસને મારતા કેટલી વાર ? આ પરથી સ્પષ્ટ થશે કે આ બધા રૂપકો છે જે ભાગવતમાં શ્રીકૃષ્ણની લીલાનું રહસ્ય પ્રગટ કરવા વાર્તા રૂપે કહેવામાં આવ્યું છે. કંસ એ જીવન વિરોધી તત્વ છે. કંસનો વધ થાય તે પહેલાં બીજા અસુરોનો વધ થાય છે. કારણકે જીવન વિરોધી તત્વોનું દર્શન આવશ્યક છે.

શ્રી કૃષ્ણ નિષ્કામ છે, કામના રહિત છે અને તેઓના કર્મ પાછળ કોઈ આયોજન નથી કે પ્રયોજન પણ નથી. અર્થાત તેઓ સ્વાર્થ માટે નથી કરતા પણ સમષ્ટિના કલ્યાણ અર્થે કર્મ કરે છે.

**પૂતના :** શ્રી કૃષ્ણ પ્રેમાવતાર છે આવા શુદ્ધ પ્રેમને મારવા કંસ જ પ્રથમ અસુરને મોકલે છે તે છે પૂતના. પૂતના ભોગદાયીની છે. પૂતના જીવનમાં ભોગ દર્શાવી મનુષ્યોને લોભાવે છે. પૂતનાના સ્તન જીવનમાં ભોગ દર્શાવી મનુષ્યોને લોભાવે છે. પૂતના સ્તન પર ઝેર ચોપડી કૃષ્ણને મારવા આવે છે. સ્ત્રીના સ્તન પુરષો માટે ભોગની નિશાની છે. વાસ્તવમાં પરમાત્માની રચના પ્રમાણે આ સ્તનમાં જે દુધ પેદા થાય છે તેથી બાળકને જીવન મળે છે. સ્તન પર ઝેર એ દર્શાવે છે કે ભોગની લાલચ દર્શાવી મનુષ્ય તેને પ્રાપ્ત કરવા જે આયોજનો કરે. જે ફાંફા મારે એ વાસના છે. આજે મને જ સુખ મળ્યું તે ભવિષ્યમાં પણ વારે વારે મળે એને માટેની કામના એ વાસના છે. આ વાસના ઝેર છે. શ્રીકૃષ્ણ પ્રેમાવતાર છે. શુદ્ધ પ્રેમ તેમનો સ્વભાવ છે. તેઓ વાસના ચુસી લે છે પછી બાકી જે બચે છે તે છે શુદ્ધ પ્રેમ વાસનાનું મૃત્યુ એ પૂતના વધ છે.

**શકરાસુર :** શકર એટલે ગાડુ. ઉપનિષદોમાં દેહને

આવા કોઈક વાહન સાથે સરખાવવામાં આવે છે. કઠોપનિષદમાં દેહને રથ સાથે સરખાવે છે. ઈન્દ્રિયોને ઘોડા. બુદ્ધિના જુદાં જુદાં આયામોને લગામ વિષયો છે. માર્ગ અને મનને સારથી તથા આત્મા અથવા જીવને રથી તરીકે ઓળખાવે છે. જીવનને સુપેર ચલાવવું હોય તો ઈન્દ્રિયોરૂપી ઘોડાને વિવેક બુદ્ધિરૂપી લગામથી કાબુમાં રાખી સુપેર ચલાવવા પડે. પણ અહીં એ ઉપમા કામ લાગે તેમ નથી. અહીં શરીરને અસુર કહે છે. અર્થાત જ્યારે આપણે કર્તાભાવ ઓઢી લઈએ તે દેહ અસુર બને છે. જે જીવન વિરોધી તત્વ બને છે. કૃષ્ણ કહે છે કે દેહશક્તિ હોવાથી જ કર્તાભાવ આવે છે. કર્તાભાવથી અહંકાર વધે છે. આ અહંકારનો નાશ એ જ શકરાસુર વધ. શ્રી કૃષ્ણ નિરહંકારી હતા.

**તૃણાસુર :** કંસ જે ત્રીજા અસુરને મોકલે છે તે છે તૃણાસુર

૧ તૃણ એટલે એ ઘાસ જે પૃથ્વીમાં પોતાના મૂળ સાથે ચોંટેલું છે. વાતાવરણમાં ગમે તેવું તોફાન આવે તો પણ આ તૃણનો નાશ થતો નથી.

૨.બીજો અર્થ છે તૃણ એટલે તૃષ્ણા કામના, જીવેષ્ણા. આ અર્થમાં મનુષ્યની તૃષ્ણાનો કોઈ અંત નથી. માણસ ખૂબ પીડાતો હોય ત્યારે મૃત્યુની યાચના કરે છે. આવે સમયે કોઈ ડોકટર કાંઈક કરે અને તેને સારું લાગે તો તે પછી જીવન બચાવવાની તૃષ્ણામાં લપેટાઈ જાય છે.

તૃષ્ણા એ આવા તૃણ જેવી છે જેનો નાશ થવો મુશ્કેલ છે. જીવનમાં આવી તૃષ્ણા અસુર રૂપ છે. અથવા જીવન વિરોધક છે.

૩.ત્રીજો અર્થ છે તૃણ એટલે હલકું. ક્ષણિક, અનિત્ય આપણાં જીવનમાં જે સુખદુ:ખની ઘટનાઓ ઘટે છે તેથી આપણને જે સુખદુ:ખ લાગે છે તે ક્ષણિક હોય છે.

આ બધા પર વિજય એટલે તૃણાસુર વધ.

**બકાસુર :** કંસ જે ચોથો અસુર મોકલે છે તે છે બકાસુર. બક : એટલે બગલો. બગલો એ પાખંડનું પ્રતિક છે. પાખંડને ઓળખવા માટે પૂર્વગ્રહ વગરની દૃષ્ટિ જોઈએ. શ્રી કૃષ્ણ પાખંડને ઓળખી લે છે અને તેનો નાશ કરે છે.

**ધેનકાસુર :** કંસ પાંચમો અસુર મોકલે છે તે છે ધેનકાસુર. ધેનક એટલે ગધેડો મુર્ખાઈનું પ્રતિક છે. જ્યાં લોભ છે ત્યાં વિવેક નથી. સારા-નરસાનો ભેદ નથી. લાલચવશ એ એકૃત્ય કરવા પ્રેરાય છે જ્યાં તેને પહેલાં પણ માર પડયો હોય.

આ લાલચ લોભ કામના પર વિજય મેળવે તે મૂર્ખાઈ ન કરે. આ છે ધેનકાસુર વધ. શ્રીકૃષ્ણ કામના રહિત છે.

**કાલિય નાગ :** કંસ આ કાલિય નાગને મોકલતો નથી પણ તે યમુનાના ધરામાં પડયો રહ્યો છે. આ નાગને પાંચ પત્નિઓ છે અર્થાત તેની સાથે પાંચ નાગણો રહે છે આ નાગને પાંચ મુખ છે.

આ કાલિયા નાગ એ મનનું પ્રતિક છે. પાંચ મુખ તે પાંચ જ્ઞાનેન્દ્રિયો છે અને પાંચ નાગણો એ પાંચ સ્થૂળ ઈન્દ્રિયોના પ્રતિક છે. શ્રીકૃષ્ણ આ ધરામાં જીવનના સારરૂપ દડો લેવા ઉતરે છે. અને એ વખતે નાગણો આ બાળક કૃષ્ણને ખૂબ લાલચો આપે છે તેના વખાણ કરે છે પણ શ્રીકૃષ્ણને તો જીવનના સારરૂપ દડામાં જ રસ છે તેથી કૃષ્ણ અને કાલિય નાગ બન્ને વચ્ચે યુદ્ધ થાય છે અને શ્રીકૃષ્ણ કાલિયાને નાથે છે. નાગણો પોતાના નાગને બચાવવા વિનવે છે અને શ્રીકૃષ્ણ તે નાગને પોતાની

નાગણો સહિત ક્ષીર સાગરમાં જવા કહે છે. કૃષ્ણ નાગને મારતા નથી.

આ વાત પરથી એટલું સમજાય છે કે જો જીવનનો સાર પામવો હોય તો મનના સ્વામી બની જીવવું રહયું. જે મનનો ગુલામ છે તે કદી જીવનનો સાર સમજી શકશે નહીં.

**કેશી :** કંસ જે છઠ્ઠા અસુરને મોકલે છે તે છે કેશી કેશી ઘોડો છે. ઘોડો શક્તિનું પ્રતિક છે. જ્યારે પણ શક્તિ માનવતા વિરોધી બને ત્યારે તેનો સામનો થવો જોઈએ. આપણાંમાં વધુ શક્તિ હોય તો આવી શક્તિનો વિનાશ પણ કરવો જોઈએ. કાંઈ નહીં તો સામનો કરી મૃત્યુને પણ સ્વીકારવું જોઈએ. શ્રીકૃષ્ણ આ વિનાશક, નિષેધાત્મક શક્તિનો સામનો કરે છે અને તેને પરાસ્ત કરે છે. આ છે કેશી વધ. તેથી તેઓ કેશવ કહેવાયા.

**દવાનળ :** કંસ જે સાતમા અસુરને મોકલે છે તે છે દાવાનળ. દાવાનળને સમસ્ત ગોકુળનો નાશ કરવા મોકલે છે. દાવાનળ ગોકુળ સળગાવે છે. શ્રીકૃષ્ણ આ દાવાનળનું પાન કરી ગોકુળને બચાવે છે. આ દાવાનળ એ ક્રોધનું પ્રતિક છે. જયાં ક્રોધ છે ત્યાં પતન નિશ્ચત છે જ.

ધ્યાયત : વિષપાન પુંસ : સંગ તેષુ ઉપજાયતે ।
સંગાત્ સંગાયતે કામઃ કામાત્ ક્રોધઃ અભિજાયતે
।।૬૨-૨

ક્રોધાત ભવતિ સંમોહઃ સમ્મોહાત્ સ્મૃતિ વિભ્રમ ।
સ્મૃતિ ભ્રંશાત બુદ્ધિનાશઃ બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ ।।
૬૩-૨

**અર્થ છે**

વિષયોનું ચિંતન કરનાર પુરુષની તે વિષયોમાં આસક્તિ થાય છે આ આસક્તિથી કામના ઉત્પન્ન થાય છે. અને કામનામાં વિધ્ન પડવાથી ક્રોધ ઉત્પન થાય છે. ૬૨-૨

ક્રોધ થી વિવેકજ્ઞાનનો લોપ થાય છે. વિવેકરૂપનનો લોપ થતાં જ સ્મૃતિમાં ભ્રમ પેદા થાય છે. સ્મૃતિમાં ભ્રમ થતાં જ્ઞાન શક્તિનો નાશ થવાથી શ્રેયના માર્ગથી પતન થાય છે.

ક્રોધાગ્નિ ખૂબ જ પ્રબળ છે. જીવન વિરોધી છે. શ્રીકૃષ્ણ ક્રોધ પર વિજય મેળવે છે અને જીવનભર અક્રોધ દશામાં રહ્યા.

**ગોવર્ધન પર્વત તોળ્યો :** કથા એવી છે કે ચોમાસા પહેલાં લોકો ઈન્દ્રને રીઝવવા માટે તેની પૂજા કરતાં હતા. જેથી ઈન્દ્ર કોપે નહીં અને તેમને માટે માપસરનો વરસાદ મોકલે. ઈન્દ્રને મેઘના રાજા કહે છે. શ્રીકૃષ્ણ આ પૂજાનો વિરોધ કરે છે. તેઓ કહે છે કે ભયથી દેવોની પૂજા ન થાય આજે આપણે જોઈ શકીએ છીએ કે દુનિયાના બધા જ સંપ્રદાયોમાં ભય દર્શાવી ધર્મ પાળવાની ફરજો પાડવામાં આવે છે. તમે રોજ ભગવાનની પૂજા કરો. દાન, પૂણ્ય કરો, સારા કર્મ કરો તો તમને સ્વર્ગ મળશે. ભગવાન એનો બદલો વાળશે અને જો તમે ભગવાનની પૂજા નહીં કરો, દાન ધર્મ નહીં કરો તો ભગવાન તમને સજા કરશે અને મૃત્યુબાદ નર્કમાં મોકલી પીડશે. શ્રીકૃષ્ણ કહે છે કે ભયથી ભગવાન ન ભજાય. જ્યાં ભય છે ત્યાં પ્રેમ નથી. ભગવાનની પૂજા પ્રેમથી થાય. તેઓ કહે છે ઈન્દ્ર એવા તે કેવા ભગવાન છે કે તેની પૂજા ન થાય તો દંડે. એના કરતાં આપણે આ ગાયોની પૂજા કરીએ, આપણી ગાયોને ચારો પુરો પાડનાર આ ગોવર્ધન પર્વતની પૂજા કરીએ પણ ઈન્દ્રની નહીં. પછી કહે છે કે વ્રજલોકોએ શ્રીકૃષ્ણની વાત માની ગાયો અને ગોવર્ધનની પૂજા આદરી એથી ઈન્દ્ર કોપાયમાન થયા અને ખૂબ વરસાદ

થયો. અને ગોપો હેરાન થયા. આખરે ઈન્દ્ર થાકે છે અને શ્રીકૃષ્ણને શરણે જાય છે.

ઈન્દ્રએ મનનું પ્રતિક છે. કાલિયનાગ પણ મનનું પ્રતિક હતું. કાલિયનાગ અને નાગણો એ કામવાસનાના પ્રતિક હતા. જ્યારે અહીં ઈન્દ્ર એ લાલચ, ભય, અને કર્મ પ્રત્યેની ઉદાસીનતાનું પ્રતિક છે. શ્રીકૃષ્ણ ઈન્દ્રના કોપને મચક નથી આપતા જેથી ઈન્દ્ર થાકે છે અને શ્રીકૃષ્ણને શરણે જાય છે.

બીજી એક અગત્યની લીલા રહી ગઈ તે છે **વસ્ત્રહરણ :** વાર્તા કહેવાય છે તેમ કુમારી કન્યાઓ પ્રાર્થના કરે છે કે શ્રીકૃષ્ણ તેમને વરરૂપે મળે. તે સમયે કૃષ્ણની ઉંમર સાત વર્ષની બતાવે છે. સહજ અને સ્વાભાવિક છે કે કોઈ પણ છોકરીને સાત વર્ષના બાળકને પતિરૂપે પામવાની કામના ન કરે. બીજી વાત જે નોંધવા જેવી છે તે અહીં કુંવારી કન્યાઓની જગ્યાએ પૂક્ત વયની સ્ત્રીઓ દર્શાવે છે. કારણ બાહ્ય વસ્ત્રો તો શરીરને ઢાંકે છે પણ આપણે અનેક જાતના વસ્ત્રો પહેરેલાં છે. જેમ કે હું કોઈકનો પુત્ર છે, કોઈકનો ભાઈ છું કોઈકની પત્નિ છું વગેરે. હું પુરુષ છું. સ્ત્રી છું. બાળક છું વગેરે. હું રાજા છું. દાસ છું. પ્રધાન છું. વગેરે હું ભારતીય છું અંગ્રેજી છું વગેરે. શ્રીકૃષ્ણ આ બધા વસ્ત્રો હરી લે છે. પછી બાકી જે બચે તે હું છું. સ્વયંની ઓળખ હું કોણ. બધાંજ વસ્ત્રો ઉતરી જાય પછી સ્વયં આત્મા જ રહી જાય છે.

આવી જ રીતે જો આપણે ભાગવતમાં આવેલી લીલાઓને સમજવા પ્રયત્ન કરીએ તો સંભવ છે કે ગીતાના વચનો જે શ્રીકૃષ્ણ જીવનના નીચોડ છે તે કાંઈક સમજાય.

## ચિંતન ચંદરવો

ચાર ચોર ચોરી કરવા ગયા. એક ઘર સામે આવીને ઉભા રહ્યાં. એક અનુભવી ચોરે કહ્યું, ''આ ઘરમાં ચોરી નહી થાય'' ત્રણ ચોર કહે, 'કેમ શું કામ નહી થાય' અનુભવી ચોરે કહ્યું, 'પ્રથમ તો આ ઘરનો ચોકીદાર જાગે છે, બીજુ આ ઘરમાં પ્રકાશ છે. ત્રીજુ આ ઘરમાં અવર-જવર ચાલુ છે. જે ઘરમાં સતત જાગૃતિરૂપી ચોકીદાર હોય, પ્રજ્ઞાનો પ્રકાશ હોય અને સદાચારની અવર-જવર હોય એ ઘરમાં કામ, ક્રોધ, લોભ અને મોહ જેવા ચોર ચોરી કરી શકતા નથી.

- સમૃધ્ધી મળે તો નમ્રતાથી તેનો ઉપયોગ કરી લેજો. સેવા કરવાની તક મળે તો પ્રેમથી તેનો સ્વીકાર કરજો. વિપત્તિ આવે ત્યારે સહનશીલતાને માથે ચડાવજો અને પાપ થઈ જાય ત્યારે સાચા દીલથી પશ્ચયાતાપ કરવાનું ચૂકશો નહી. **- સંકલન**

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે. **– માનદ્ મંત્રી મંજુલ ધારીઆ**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

# શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા)



## કોમ્પ્યુટર શિક્ષણ યોજના



જત જણાવવાનું કે સંસ્થાએ M/s. Raj Software Technology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1) Office Automation (O.A.) | **૨ મહીના** | 1250.00 | + | Tax | = | 1379.00 |
| 2) Tally 9 | **૨ મહીના** | 2000.00 | + | Tax | = | 2206.00 |
| 3) Web Page Designing | **૩ મહીના** | 4500.00 | + | Tax | = | 4954.00 |
| 4) Desk-Top Publishing | **૩ મહીના** | 2500.00 | + | Tax | = | 2758.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦% ફી ચેક થી પાછી આપવામાં આવશે.

Address of Training Centre

Raj Software Technology (India) Ltd.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | Marine Lines | (2) | Grant Road | (3) | Andheri (W) |
| (4) | Vile Parle (E) | (5) | Jogeshwari (W) | (6) | Malad (E) |
| (7) | Malad (W) | (8) | Kandivali (W) | (9) | Borivali (W) |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** : Tel : 2206 0294 / 2203 8077 / 98212 34306

Nikoshi Trading Co., 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai - 2

***સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી – મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ***

# મેડીકલ મીનીટ
# એસ્પીરીન –ASPIRIN

લગભગ ૪૦ વર્ષની ઉમરની વ્યક્તિને છાતીમાં દુખાવો ડાબી અથવા જમણીબાજુ હોય અને તે વખતે શ્વાસ ચઢે, પરસેવો છુટે, ઉલટી થાય અથવા ઉલટી થવા જેવું થાય અને જો દુઃખાવો ડાબા કે જમણા હાથમાં, ગળામાં કે જડબામાં જતો હોય તો તે હૃદયરોગની બીમારીના ચિન્હો હોઈ શકે.

જ્યારે છાતીમાં દુઃખે તે વખતે જે ડોકટરે તમોને Nitroglycerine - નાઈટ્રોગ્લીસરીનની ગોળી આપી હોય તો તે લેવી. તેમ જ ડોકટરને ફોન કરી તેઓની સલાહ લેવી. અથવા હોસ્પીટલ કે ડોકટરની ઓફીસમાં જવા વિનંતી.

પરંતુ તે દરમ્યાન (છાતીમાં દુઃખાવો થતો હોય તે વખતે) તે વ્યક્તિએ **Aspirin** ની (એસ્પીરીનની) **૩૨૫** મીલીગ્રામની ગોળી ચાવી જવી. (**ગળવી નહીં**) **અથવા Baby Aspirin** (૭૫ કે ૮૧ મીલીગ્રામની ) **પાંચ** ગોળી ચાવી જવી. આ ૧ ગોળીથી લગભગ ૨૧ % Mortality Rate (મૃત્યુનો દર) ઘટે છે.

જે વ્યક્તિ રોજની ૩૨૫ મીલીગ્રામની Aspirin લેતી હોય તેને extra લેવાની જરૂર નથી અથવા જેને Aspirin ની Allergy હોય અથવા બ્લીડીંગ અલ્સર હોય તેણે લેવી નહીં. જે Baby Aspirin રોજ લે તેણે પણ ૩૨૫ મીલીગ્રામની Aspirin ચાવી જવી. Aspirin ને બદલે (Substitute) બીજી કોઈ દવા લેવાથી એસ્પીરીન જેટલી અસર થતી નથી.

આ બાબતમાં વધારે માહિતિ માટે તમારા ડોકટરની સલાહ લેજો.

**- ડૉ. નીકુંજ પરીખ (યુ.એસ.એ.)**


**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ**
**આયોજીત**
**શ્રી દિવ્યેશ પ્રવિણચંદ્ર શાહ**
**-: સ્મૃતિ ભક્તિ સંધ્યા :-**
**કાર્યક્રમ**
**સોમવાર તા. ૩૦.૫.૨૦૧૧**
**સમય :** સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાકે
**શ્રીમતી ઝરણા વ્યાસ તથા સાથીદારો**
સળંગ બે કલાક શાસ્ત્રીય રાગો પર આધારીત ભક્તિ સંગીત રજુ કરશે.
**સ્થળ**
પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન, સ્વામીશ્રી પ્રેમપુરીજી ચૌક, બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૭
**નિમંત્રક**
**શ્રીમતી મધુબેન તથા પ્રવિણચંદ્ર (બાબુભાઈ) હાથીખાનાવાળા તથા શ્રીમતી નિશા દિવ્યેશ શાહના જયશ્રીકૃષ્ણ**
**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ, ટ્રસ્ટીગણ**
**સર્વેને સપ્રેમ આમંત્રણ છે.**

**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ**
**આયોજીત**
**શ્રી રસીકલાલ ચુનીલાલ ધારીયા (દલાલ)**
**-: સ્મૃતિ ભક્તિ સંધ્યા :-**
**કાર્યક્રમ**
**રવિવાર તા. ૨૨.૫.૨૦૧૧**
**સમય :** સાંજે ૬.૦૦ થી ૭.૩૦ કલાકે
**વકતા :** કુ. હેમાંગીની જાઈ
**વિષય : 'જય જય શ્રી ગોકુલેશ'**
**સ્થળ**
પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન, સ્વામીશ્રી પ્રેમપુરીજી
ચૌક, બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૭
**નિમંત્રક**
**શ્રીમતી ઈન્દુબેન રસીકલાલ ધારીયા તથા પરિવાર**
**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ, ટ્રસ્ટીગણ**
**સર્વેને સપ્રેમ આમંત્રણ છે.**

# એક સામાન્ય રોગ ડાયાબીટીસ

માણસે પોતે જ નક્કી કરવાનું છે કે આ ઈશદત્ત દેહ અને ઈશદત્ત શક્તિ કઈ રીતે વાપરવી છે. શરીરની શક્તિ મર્યાદિત છે તે લાંબો સમય ચાલે તે રીતે વિવેકથી વાપરવી છે કે પછી શારીરીક સંપદા-મુકી બધી મનફાવે તેમ ખરચી નાખી, પછી લમણે હાથ દેતા પસ્તાવવાનું જીવન ગાળતા કણસતા રહેવું છે ?

તેથી એ વિવેકપુર્ણ વપરાશ માટે જીવન વ્યવહારમાં બંધનની આવશ્યકતા છે. એ બંધન એટલે સંયમ. જીવનના બધાજ વ્યવહારમાં સંયમ જોઈએ. જોકે કેટલાક ઉડાઉ વૃતિના અવિવેકી લોકો સંયમની ટીકા કરે છે તેમને બંધન નથી જોઈતું. પરંતુ પોતે જ પોતા ઉપર નિયમો બનાવી મનની લહેરના ગુલામ બની જાય છે.

સ્વાતંત્ર્ય એટલે સ્વૈચાર નથી. સ્વાતંત્ર્ય એટલે વિકાસ અને સંયમ વગર વિકાસ શક્ય નથી. તેથી જ શ્રીમદ ભગવદગીતામાં શ્રી કૃષ્ણે સંયમનો મહીમા ગાયો છે.

જે મનથી ઈન્દ્રિયોને નિયમમાં રાખી, ફળની ઈચ્છા રહિત થઈને કમેન્દ્રિયો વડે નિષ્કામ કરે છે તે શ્રેષ્ઠ છે.

સમગ્ર સૃષ્ટિમાં બધે જ સંયમ છે તેથી ત્યાં સૌંદર્ય છે. વૃક્ષોનો દાખલો લ્યો, જો વૃક્ષ એમ કહે કે હું પૃથ્વી સાથે શા માટે બંધાવુ ? મારે આકાશમાં ઉડવું છે અને એ વૃક્ષ મુળિયા તોડી આકાશમાં ઉડવાં પ્રયત્ન કરે તો તે વૃક્ષ તરીકે જીવિત રહે ખરુ કે ? વૃક્ષ મુળિયા સાથે જમીનમાં બંધાયેલુ છે તેથી તેનો વિકાસ ઉંચે વધે છે. તે ફળફુલ આપે છે. પણ ક્યારે, જ્યારે તેને સંયમનો સ્વીકાર કર્યો, જમીન સાથે બંધાઈને.

શરીરની પ્રકૃતિ પ્રમાણે તેમજ કૃદરતના નિયમોથી જે જેટલા અંશે વિરૂધુ વર્તે છે તે રોગોને નોંતરે છે. મીઠું, મરચુ ને ખાંડ જીભને આનંદ આપનાર તથા શરીરને મર્યાદિત પ્રમાણમાં ઉપયોગી છે. દરેક વસ્તુ મધ્યમ પ્રમાણમાં ઉપભોગ કરવો જોઈએ. જે અહી સંયમ ચુકે છે તે સ્વાસ્થયને નુકશાન પામે છે.

ડાયાબીટીસ કોમન અને સામાન્ય ગણાતો રોગ મોતને આવકારી શકે છે અને અકાળે મૃત્યુને શરણે જવું પડે છે.

**- શૈલેષ દેસાઈ ( ભારત કોપોરેશન)**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# ''ચલો બાલાસિનોર'

તા. ૨-૪-૧૧ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિની બેઠકમાં વિચારણા કરવામાં આવેલ મુજબ દિવાળીની રજાઓમાં તા. ૨૪-૧૦-૧૧ થી ૨૯-૧૦-૧૧ સુધી સંઘના નેજા હેઠળ 'ચલો બાસાસિનોર'નું આયોજન કરવાનું વિચાર્યું છે. બાલાસિનોર જવા-આવવાની ટીકીટો-બસની વ્યવસ્થા, બાલાસિનોરના વસવાટ દરમ્યાન સવારની ચા-કોફી-નાસ્તો, બપોરે તેમજ રાત્રિનું ભોજન, વિવિધ કાર્યક્રમો આદિનું આયોજન સંઘ દ્વારા કરવામાં આવશે. પ્રવાસની વિસ્તૃત માહિતી જ્યોતિપુંજના આગામી અંકમાં આપવામાં આવશે.

સંઘના નેજા હેઠળ બાલાસિનોરવાસીઓ માટે પ્રથમ વખત જ માદરે વતન તરફના આકર્ષણને અનુરૂપ આવો પ્રવાસ યોજવાનું વિચાર્યું છે. આપ સૌનો સહકાર મળી રહેશે એવી અપેક્ષા.

**- મંત્રી : મંજુલ ધારીઆ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

### સુધારો

- માર્ચ મહિનાના જ્યોતિપુંજમાં છાપેલ ટયુબ ટુલ્સ અને હાર્ડવેર માર્ટ રૂા. ૫૧,૦૦૦/-ની બદલે રૂા. ૨૫,૦૦૦/- વાંચવું.
- નીરવ એસ્બેસ્ટોસની કું. ૧૫,૦૦૦/- ની બદલે રૂા. ૨૫,૦૦૦/- વાંચવું.
- માર્ચ ૨૦૧૧ના અંકમાં પ્રકટ થયેલ દાતાઓની યાદીમાં ૧૦ નંબરમાં કમલાબેન રમણલાલ શાહ (ચકવા) હસ્તે કુંજુંબેન હેમેન્દ્ર શાહ, અરૂણાબેન દીનકરલાલ શાહ અને સુમનબેન સુર્યકાંત શાહ તરફથી રૂા. ૧,૦૧,૧૧૧/-ની રકમ વાંચવી

**માનદ્ મંત્રી - મંજુલ ધારીઆ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

હીરક મહોત્સવ કાર્યક્રમના દિવસે વિમોચન થયેલ સુવેનીયરની જુજ નકલો સંસ્થા ખાતે રાખવામાં આવેલ છે. જે કોઈ કુંટુંબને ના મળી હોય તેઓને વિનંતી કે વહેલામાં વહેલી તકે સંસ્થાના કાર્યાલયમાંથી સંસ્થાના કામકાજના સમય દરમ્યાન મંગાવી લે.

**માનદ્ મંત્રી - મંજુલ ધારીઆ (હેડમાસ્તર)**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## શૈક્ષણિક પારિતોષિકો શાળા, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓમાં **વર્ષ ૨૦૦૯ - ૨૦૧૦** ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ તથા બહેનોને પારિતોષિકો આપવામાં આવે છે. જેમાં K. G. ધોરણ ૧ થી ૯, S.S.C, H.S.C, B.Com, BA, B.Sc, B.D.S., C.A., L.L.B., M.B.A., M.B.B.S. વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે. તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ ઝેરોક્ષ કોપી પાછળ પોતાનું પુરુ નામ, સરનામું, તથા ફોન નંબર સાથે લખીને **૩૧.૫.૨૦૧૧** સુધીમાં સંસ્થામાં આપી જવા વિનંતી. ઈનામ વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે. **- મંત્રી - મંજુલ ધારિયા**

# VADSOL IDOL
# TALENT OF BALASINOR

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ ના પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ યોજના હેઠળ બાલાસિનોરના ઈતિહાસમાં પ્રથમ વખત ટેલન્ટ કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. બાલાસિનોરની ડાન્સીંગ, સીંગીંગ, મ્યુઝીક અને મીમીક્રીની પ્રતિભાને શોધવાનો આ એક નમ્ર પ્રયાસ છે.

દરેક વ્યક્તિમાં ક્યાંક ને ક્યાંક એક કલાકાર છુપાયેલો હોય છે. દરેકને કંઈક શોખ હોય છે. અરીસા સામે દરેક જણ પોતાની પ્રતિભાનું દર્શન કરતો હોય છે. હવે અમારે જોવી છે તમારી ટેલેન્ટ, અમારે માપવી છે તમારી ટેલેન્ટ, કોમ્પીટીશન કરવી છે તમારી ટેલેન્ટની, જો મુકાબલા માટે તૈયાર હો તો જલ્દીમાં જલ્દી ફોર્મ ભરીને મોકલાવો.

## કેટેગરી

૧ **સીંગીંગ** - ફિલ્મી, લોન ફિલ્મી ગીતો (ભજનવાળા માફ કરે)

૨ **ડાન્સીંગ** - ઈન્ડીવીઝયુઅલ ડાન્સીંગ, ફિલ્મી, નોન ફિલ્મી

૩ **મ્યુઝીક** - ઈન્સ્ટ્રુમેન્ટલ મ્યુઝીક કોઈપણ સાધન સાથે.

૪ **મીમીક્રી** - હસવું આવે એવી કોઈ પણ મીમીક્રી, સ્ટેન્ડ અપ કોમેડી વગેરે.

## એપ્લીકેશન મોકલવા માટે

એક મોટા કાગળ ઉપર આપનું નામ, ઉંમર, એડ્રેસ, ફોન નંબર, ટેલેન્ટની કેટેગરી, તાલીમ (Classes વગેરે) ની વિગત લખીને તા. ૧૦-૬-૧૧ પહેલા અમને નીચે મુજબના સરનામે મોકલી આપો.

## સ્પર્ધાની વિગત

૧. આ સ્પર્ધા જુન મહિનામાં યોજવામાં આવશે જેની વિગત ભાગલેનારને ફોન કરીને જણાવવામાં આવશે

૨. કલાકારે પોતાના ગીત અથવા મ્યુઝીકની સીડી અથવા ટેપ સાથે લાવવાની રહેશે.

૩. જ્ઞાતિના અથવા બહારના જજોની પેનલ વિજેતાઓ નક્કી કરશે અને તેઓનો નિર્ણય આખરી ગણાશે.

૪. વિજેતા કલાકારોને ઈનામ ઉપરાંત જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોમાં પરર્ફોમન્સની તક આપવામા આવશે.

૫. દરેક કેટેગરીમાં Vadsol Singing Idol, Vadsol Dancing Idol, Vadsol Musician Idol તથા Vadsol Mimicry Idol નો ખિતાબ આપવામાં આવશે.

૬. જો વધુ ફોર્મ આવશે તો ઉંમર પ્રમાણે ગ્રુપ કરવામાં આવશે.

**વધુ વિગત માટે સંપર્ક :**

**પંકજભાઈ ધારીયા (લાલખાં) - ૯૮૨૧૦૨૮૭૬૨ -**

**નિખિલ પરીખ (લાય) - ૯૮૨૧૩૨૬૪૩૨**

## એપ્લીકેશન મોકલવાના સ્થળ :

**૧. નિમેષ બુક ડેપો :** ૩૦૭, અબ્દુલ રહેમાન ટ્રીટ, ૧લે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૩
ફોન નં: ૨૩૪૪૪૫૫૫ / ૨૩૪૨૬૮૮૯

૨. **પ્રગતિ સમાજની ઓફિસ :** બાબુગેનું રોડ, કાલબાદેવી, મુંબઈ

**નોંધ :** એપ્લીકેશનના કવર ઉપર Vadsol Idol - Program & Event Management લખવું.

**સંયોજક : પંકજ ધારીયા (લાલખાં)**

## શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટ

### ગૌશાળાની ગાયો માટે ઘાસ માટેની મીતી યોજના

બાલાસિનોર ફગવા ખાતે ગૌશાલાની ગાયો માટે ઘાસચારા માટેની મિતિ યોજના ને સુંદર પ્રતિસાદ મળ્યો છે. નીચે મુજબના દાતાઓએ પોતાનો ફાળો નોંધાવ્યો છે. આ યોજનાને હજી સારા પ્રતિસાદની રાહ જોવાઈ રહી છે.

રૂા. ૭,૫૦૦/-

(૧) જશવંતભાઈ મોદી
(૨) કૌશીકભાઈ શાંતીલાલ મોદી
(૩) નિરંજનભાઈ ચીમનલાલ મોદી
હસ્તે. નવીનભાઈ શાહ
(૪) અર્ચીશ જયકુમાર મોદી (ચોધરી)
હસ્તે. મધુભાઈ ભીખાલાલ કડકીઆ (ફાડીયા)
(૫) હર્ષદભાઈ બાબુલાલ ગાંધી
(૬) સુરેન્દ્રભાઈ બાબુલાલ ગાંધી
(૭) કમળાબેન રમણલાલ દેસાઈ મેનપુરાવાળા
હસ્તે. હર્ષદભાઈ, નવીનભાઈ
(૮) સ્વ. રસીકલાલ ચુનીલાલ ધારીઆ (દલાલ)
(૯) અતુલકુમાર કાંતિલાલ શાહ
(૧૦) મનહરભાઈ ચુનીલાલ કડકીઆ (મલમ)
(૧૧) મોદી વિનીત અને ઉર્વીશ કોકીલાબેન રસીકલાલ (દેવ)
(૧૨) શર્મીલાબેન ચંદ્રકાંત શાહ (નગરશેઠ)
(૧૩) કડકીઆ આર. આર
(૧૪) જશવંતલાલ દામોદર શાહ
(૧૫) સુનીલ કાંતિલાલ શાહ
(૧૬) ધારીઆ શાંતાબેન રમણલાલ
(૧૭) નટવરલાલ ચંદુલાલ પરીખ
(૧૮) ભાનુબેન રસીકલાલ કાપડીયા
(૧૯) રશેસ ચંદ્રકાંત શાહ (નગરશેઠ)
(૨૦) સ્વ. સતીશચંદ્ર પરષોતમદાસ પરીખ (રોકડીઆ)
(૨૧) કલાબેન મહેન્દ્ર કુમાર ધારીઆ (મુછારી)
(૨૨) નરેશ તથા મહેશ નવનીતલાલ મગનલાલ ધારીઆ
હસ્તે. જશુબેન ન. ધારીઆ
(૨૩) પ્રવિણભાઈ ઓ દેસાઈ (દેડકી)
(૨૪) ચંદુલાલ અમૃતલાલ પરીખ
હસ્તે. નટવરલાલ પરીખ
(૨૫) દેસાઈ જયંતિભાઈ પરષોતમદાસ (પડાલવાળા)
(૨૬) ચંદ્રમણીબેન રમણલાલ શાહ (સોની મેવાડા)
(૨૭) પરીખ હેમન્ત ઓચ્છવલાલ પરીખ
(૨૮) નવીનભાઈ જે શાહ (વડોદરાવાળા)
(૨૯) દિનેશચંદ્ર પુનમચંદ શાહ (વાઘ કડકીઆ)
(૩૦) શેઠ મણીબેન ઓચ્છવલાલ નાથજી ચેરીટેબલ ટ્રસ્ટ
હસ્તે. પ્રફુલભાઈ શેઠ

મુંબઈ ખાતે ફાળો નોંધાવવા મળો
શ્રી જગદીશભાઈ રમણલાલ ધારીઆ - ૨૨૦૬૫૧૨૨
(મો) ૯૩૨૦૨૨૧૨૪૧

**- પ્રમુખ નવીનચંદ્ર ચીમનલાલ શાહ**

### વાડાસિનોર પ્રગતિ સમાજ
### કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લીમીટેડ

શેરહોલ્ડર ભાઈઓ તથા બહેનો

સવિનય નિવેદન છે કે ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની ૨૫મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૯.૬.૨૦૧૧ને મંગળવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે તેજપાલ ઓડીટોરીયમ ખાતે શ્રી યોગેશભાઈ રમણીકલાલ ધારીયાના પ્રમુખ સ્થાને રાખવામાં આવી છે. તો સૌ શેર હોલ્ડર સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.

**લી. વાડાસિનોર પ્રગતી સમાજ કો.ઓ.ક્રેડીટ સો. લીમીટેડ**
**કારોબારી સમિતિ વતી**

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ
## સંચાલિત જે.વ.દેસાઈ ઉચ્ચ પ્રાથમિક શાળા

બાલાસિનોરમાં ધો. ૭ નો વિદાય સમારંભ ઉજવાયો

શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.વ. દેસાઈ ઉચ્ચ પ્રાથમિક શાળામાં તા. ૨-૪-૧૧ના રોજ મંડળના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ દેસાઈના અધ્યક્ષપણા હેઠળ ધો. ૭નો વિદાય સમારંભ તથા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ ચિત્રકલા (ઈન્ટરમીડીયેટ તથા એલીમેન્ટરી) અને પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. ચિત્રલેખા પરીક્ષામાં શાળાના કુલ ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેનું ૧૦૦ ટકા પરિણામ આવેલ છે.

સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત લેવાયેલ 'ગુજરાત ક્વિઝ સ્પર્ધા'માં શાળાનો તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થી શાહ પરમ રાકેશભાઈનું સન્માન તથા જિલ્લા કક્ષાએ સારુ પરિણામ મેળવે તેવી શુભકામાનાઓ પ્રમુખશ્રીએ પાઠવી હતી. શાળા સમિતિના મંત્રી શ્રી રમણભાઈ પટેલે શાળાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## હીરક જયંતી નીમીત્તે

- **શ્રી પંકજ કાંતીલાલ ધારીઆ (લાલખા)** તરફથી **રૂા. ૧,૦૦,૦૦૦/-** નું દાન પ્રાપ્ત થયેલ છે.

- **સી.બી. ટ્રેડીંગ કાું** તરફથી **રૂા. ૧૫૦૦૦/-** પ્રાપ્ત થયા છે.

દાતાઓનો આભાર.

**માનદ્ મંત્રી - મંજુલ ધારીઆ**

## ગ્રામ સેવા સમાજ - બાલાસિનોર
## કાંતિલાલ પરીખ પબ્લીક પાર્ક

ઉપરોક્ત પાર્કના નિભાવ અને વિકાસ માટે વધુ ભંડોળ પ્રાપ્ત થયું છે. સહુ દાતાઓનો હાર્દિક આભાર. આપ આપનું ડોનેશન સંસ્થાના કોઈપણ કાર્યકર્તાઓને આપી શકો છો/ નોંધાવી શકો છો. હજી રૂા. ૭૫,૦૦૦/- અંદાજીત ભંડોળની જરૂર છે. જે કોઈ ભાઈ/બહેનની ઈચ્છા હોય તો આપવા/નોંધાવવા વિનંતી.

**રૂા. ૫,૦૦૦/-**

તુષાર નટવરલાલ ધારીયા (બલબલ)

ઓચ્છવલાલ પ્રાણલાલ કચેરીઆ (વરખા)

**રૂા. ૨,૫૦૦/-**

રતિલાલ મંગળદાસ પ્રજાપતિ.

**રૂા. ૨,૦૦૦/-**

સૂર્યાબહેન રમેશચંદ્ર શાહ (હાથી ખાનાવાળા)

**રૂા. ૧,૦૦૦/-**

કુસુમબેન રજનીકાંત શાહ (ઉજડાવાળા)

રમેશ એલ. ધારીઆ (એડવોકેટ)

ગીરજાબેન ભીખાલાલ કડકીઆ (હાલોલવાળા)

હરેન્દ્ર નટવરલાલ દેસાઈ (દેડકી)

ચીમનલાલ મગનલાલ શાહ (નગરશેઠ)

હસ્તે બાબુભાઈ નગરશેઠ.

પંકજ કીર્તનલાલ શાહ

હસ્તે સંજય શાહ.

**- રજનીભાઈ શાહ - મંત્રી**

# બાલાસિનોર જ્ઞાતિનાં રાહત લેનાર સભ્યો માટે

આપ સૌ જાણો છો કે મુંબઈમાં આપણી જ્ઞાતિની નીચે મુજબની સંસ્થાઓ વિવિધ ક્ષેત્રે આપણાં જ્ઞાતિજનોને તેઓનાં ફંડની મયાદામાં રહીને વધુમાં વધુ રાહત આપવા પ્રયત્નશીલ છે.

સમાજની કોઈ પણ વ્યક્તિ આ રાહતથી વંચિત ન રહે તથા તેને વધુમાં વધુ રાહત આપી શકાય તે આશયથી નીચેની સંસ્થાઓએ નિર્ણય લીધા મુજબ હરેક રાહત લેનાર વ્યક્તિને વિનંતિ કે વિવિધ ક્ષેત્રની રાહત માટે નીચે મુજબની સંસ્થાઓનો જ સંપર્ક સાધવો તથા તેઓની અરજી લાગતી વળગતી એક જ સંસ્થાને મોકલવી.

| **સંસ્થાનું નામ** | **રાહતનું ક્ષેત્ર** |
|---|---|
| **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ** | **આર્થિક અને વ્યાજ રાહતમાં સહાય**<br>**રૂમ રાહત યોજના - વિદેશ મેડીકલેમ રાહત યોજના** |
| **શ્રી બાલાસિનોર દશાનીમા નવયુવક મંડળ** | **અન્ન સહાય** |
| **શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ** | **મેડીકલ સહાય** |
| **શ્રી બાલાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ** | **શૈક્ષણિક સહાય** |
| **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** | **નોટબુક, પુસ્તક, મેડીકલેમ સહાય.** |
| **વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રેડીટ સોસાયટી લી.** | **ઘર, ધંધા, રૂમ રીપેરીંગ, શિક્ષણ માટે લોન.** |

આથી દરેક ફેમીલી મેમ્બરનાં વડીલો તથા સભ્યોને સૂચન કરવાનું કે તેઓએ ઉપર મુજબની જરૂરિયાત/સહાય/લોન માટે જે સંસ્થાના ક્ષેત્રમાં આવતું હોય તે જ સંસ્થાને તેમની અરજીનો પત્ર વ્યવહાર કરવો. તે સિવાયની બીજી કોઈ પણ સંસ્થાને અરજી કરવી નહિ તેની ખાસ નોંધ લેવા વિનંતી.

ઉપર મુજબની વ્યવસ્થા જ્ઞાતિજનોને વધુમાં વધુ સહાય આપી શકાય તથા સહાય લેનાર વ્યક્તિને એક જ જગ્યાએ પોતાની અરજી કરવી પડે તે હેતુથી જ આ સૂચના પત્ર રજૂ કરેલો છે તેની ખાસ નોંધ લેવા વિનંતી.

| **સંસ્થાનું નામ** | **પ્રમુખનું નામ** |
|---|---|
| **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ** | **શ્રી પંકજ ધારિયા (લાલખાં)** |
| **શ્રી બાલાસિનોર નવયુવક મંડળ અને શ્રી વી.ડી.એન.એમ.મેડીકલ ટ્રસ્ટ** | **શ્રી જતીન દેસાઈ** |
| **શ્રી બાલાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ** | **શ્રી રસીકભાઈ લાકડાવાળા** |
| **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** | **શ્રી કલ્પેશ ધારીઆ (બલબલ)** |
| **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ કો. ક્રેડીટ સોસાયટી લીમીટેડ.** | **શ્રી યોગેશ ધારિયા** |

# SHREE BALASINOR NAVYUVAK SANGH

## Smt. Taraben Ratilal Parikh Administrative office

118/120, Ardeshar Dady Street, V.P.Road, Mumbai - 400 004, Tel : 23887006

**Shri Manojbhai-Shri Amrishbhai Kacharia Concessional Rate Note Book Scheme (2011-12)**

To, DT:
The Secretary
Shree Balasinor Navyuvak Sangh
Mumbai - 400 004
May I request you to deliver the Notebooks as per Order as follows:

| S.No. | Description | Std. | Qty.in Doz Req. | Qty. in Doz. Del. | Amount |
|---|---|---|---|---|---|
| o1 | A4 size College Book@180/-p.Doz. | | | | |
| 02 | Full size Notebook@120/-p. Doz. | | | | |

**Name of Student :**______________________________**Vasti Patrak No:**__________

**Address :** ________________________________________________

____________________________________**Tel No:**________________

**TERMS & CONDITIONS**

1. Last year mark sheet copy and or Hall ticket copy must be attached with the form.
2. Note books will be delivered till stock last , maximum quantity of books will be issued per student as below:
   Std:1 to 5:- 1 Doz. Full Size book, Std 6 to 8 :- 1.1/2 Doz. Full size books, std 9 & 10 :- 2 Doz. A-4 size, F.Y., S.Y., T.Y: 1.1/2 Doz. A-4 size, Medical &Engineering:- 2 Doz. A-4 size.

## Delivery Centers

**From Colaba to Bandra** - **Shree Balasinor Navyuvak Sangh**, 118/120 Ardeshar Dady Street, V.P.Road, Mumbai - 400 004, 2.00 P.M. to 7.00 P.M. (Monday to Saturday 9.30 P.M. to ll.30 A.M. on Sundays. **Wednesday Closed.**

**From Khar to Andheri** - **Desai Himanshu Harishchandra,** 9/12, Ghaswala Bldg. R.No.5, Opp. Police Station, M.V.Road, Andhari (E), Mumbai - 400 069. 10.00 A.M. to 12.30 A.M **Only on Sunday.**

**From Jogeshwari to Kandivali** - **Parikh Shreyash Hiralal (Dabli),** 24/A, Kailash Nagar, Shankar Galli, Kandivali (W), Mumbai - 400 067. 10.00 A.M. to 12.30 A.M. **Only on Sunday**

**From Borivali to Virar** - **Shah Hemendra Ramanlal (Chakwa),** C-3/302 Sumer Nagar, S.V.Road, Borivali (W), Mumbai - 400 092. 10.00 A.M. to 12.30 A.M. **Only on Sunday.**

**Munjul Dharia (Hon. Secretary)** **Jasmine Sheth (Convener)**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

## શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

મંડળ સંચાલિત ઉપર્યુક્ત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષે ( વર્ષે ૨૦૧૧-૧૨) શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થીમિત્રો એ તા. ૧-૭-૧૧ બાદ નીચે જણાવેલ સ્થળેથી અરજીપત્રક મેળવી લેવા અને તા. ૩૧-૭-૧૧ સુધી સંપુર્ણ વિગત સાથે ભરીને તે જ સ્થળે પાછા આપી જવા.

અરજીપત્રક સાથે ચાલુ વર્ષ (૨૦૧૧-૧૨)ની ફી ભર્યાની **Original** રસીદ (**Xerox** સાથે ) તેમજ ગત વર્ષની પરીક્ષા પાસ કર્યાનાં પરિણામની **Xerox** આપવી જરૂરી છે.

અધુરી વિગત સાથેનાં ફોર્મ્સ સ્વીકારવામાં આવશે નહીં.

અરજીપત્રક મેળવવા અને સંપુર્ણ વિગત સાથે ભરીને પાછા આપવાનું સ્થળ : શ્રી શરદ નટવરલાલ દેસાઈ : ૩૮૫/ સી, એસ. વી. પી.રોડ, રસધારા સોસાયટી, ૧લે માળે, પ્રાર્થના સમાજ, (વનિતા વિશ્રામની સામે), મુંબઈ - ૪૦૦૦૦૪. ટેલ. નં.

૨૩૮૧૨૪૯૭ મો. : ૯૯૨૦૧૮૯૯૫૦, સમય : સોમવાર થી શનિવાર : બપોરે ૩.૦૦ થી ૬.૦૦

અરજીપત્રક મેળવ્યા બાદ દરેક અરજીપત્રકની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને ફી સહાય સમિતિની મંજુરીને આધીન રહેશે. મંજુર થયેલ શૈક્ષણિક સહાયના ચેક આપવામાં આવશે.

ચેક મેળવવાનું સ્થળ : **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ**, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુ ગેનું રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨, સમય : સોમવાર થી શનિવાર - સવારે ૧૧ કલાક થી સાંજે ૫ કલાક સુધી.

## પારિતોષિક યોજના :

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨નાં અભ્યાસક્રમ દરમ્યાન માર્ચ/એપ્રિલ/મે ૨૦૧૧ અથવા અન્ય સમયે લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીમિત્રોને વિવિધ શૈક્ષણિક વિભાગમાં સખાવતી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ ન્યાસફંડની રકમનાં વ્યાજમાંથી મંડળ દ્વારા પ્રતિ વર્ષ પારિતોષિક આપવામાં આવે છે.

**નોંધ :** આ યોજના - (ધોરણ -) તેમજ ત્યારબાદ કોલેજના ઉચ્ચતર અભ્યાસક્રમ માટે જ છે. સફળ વિદ્યાર્થીમિત્રોએ પરિણામ (માર્કશીટ)ની ઝેરોક્સકોપી મંડળની કારોબારી સમિતિના સભ્યોને તા. ૨૫-૮-૧૧ પહેલાં મોકલાવી આપવા વિનંતી.

ઉપયુક્ત બંન્ને પ્રવૃત્તિ અંગેની વધુ માહિતી માટે મંડળના માનદ્ મંત્રીઓનો સંપર્ક સાધવો.

**માનદ્ મંત્રીઓ**

**શ્રી કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)**

**(ફોન નં. : ૨૩૬૮૦૧૬૭ / ૯૮૨૧૦૩૭૬૪૭)**

**શ્રી શરદ નટવરલાલ દેસાઈ**

**(ફોન નં. ૨૩૮૧૨૪૯૭ / ૯૯૨૦૧૮૯૯૫૦)**

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ

## હીરક જયંતિમહોત્સવ ઉજવણી

બાલાસિનોરની કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં ચાલુ વર્ષે ૨૦૧૧-૧૨માં હીરક જંયતિ મહોત્સવની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે પ્રસંગે નીચે મુજબની સ્કીમો માટે દાતાઓને વિનંતી કરવામાં આવે છે.

(૧) વિરપુરરોડ ઉપરના મુખ્ય પ્રવેશદ્વારના નામકરણ માટે રૂા. ૨૫ લાખ

(૨) સલીયાવડી દરવાજા, કાછીયાવાડ તરફના પ્રવેશદ્વારના નામકરણ માટે રૂા. ૧૧ લાખ

(૩) બ્લડ ડોનેશન કેમ્પના નામકરણ માટે રૂા. ૧૧ લાખ

(૪) ચાઈલ્ડ રીહેબીલાઈઝેશન સેન્ટરના નામકરણ માટે રૂા. ૫ લાખ

(૫) શ્વાસના રોગોના નિદાન કેમ્પના નામકરણ માટે રૂા. ૫ લાખ

(૬) શોર્ટ-વે ડાયાથર્મી વિભાગના નામકરણ માટે રૂા. ૫ લાખ

(૭) ઈન્ટર ફેરેન્શીયલ કરન્ટથેરાપી વિભાગના નામકરણ માટે રૂા. ૫ લાખ

(૮) ચાર સ્પેશયલ રૂમોના નવીનીકરણ માટે (રૂમદીઠ રૂા. ૫ લાખ લેખે ) રૂા. ૨૦ લાખ

(૯) ન્યુરો સર્જરી નિદાન કેમ્પના નામકરણ માટે રૂા. અઢીલાખ

(૧૦) પેરાફીન વેક્ષ ટ્રીટમેન્ટ વિભાગના નામકરણ માટે રૂા. અઢીલાખ

| **ભારતીય (રૂપિયા)** | **અમેરીકન (ડોલર)** |
|---|---|
| એક લાખ | ૨૨૨૨ |
| પચાસ હજાર | ૧૧૧૧ |
| પચીસ હજાર | ૫૫૫ |
| અગીયાર હજાર | ૨૫૦ |
| રૂ. ૭૫,૦૦૦/- | ૧૭૫ ડોલર |

(ઓપરેશન મીતી યોજના)

**વધુ નોંધાયેલ દાન :-**

નીચેના દાતાઓ તરફથી ટ્રસ્ટમાં રૂપિયા એકલાખનું માતબર દાન મળેલ છે.

(૧) શ્રી કવિન્દ્ર હરિલાલ ધ્રુવ

(૨) શેખ આદમભાઈ અબ્દુલરહેમાન

(૩) પુષ્પાબેન નટવરલાલ મોદી હ. નટવરલાલ મોદી (એમ.સી. મોદી) રૂા. ૧૧,૦૦૦/-

### હોસ્પિટલમાં યોજાનાર / યોજેલ કેમ્પો

**(૧) શ્રીમતી ચંદ્રિકાબેન શશીકાન્ત મણીલાલ ગાંધી બાળરોગ નિદાન કેમ્પ :** બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં આગામી તારીખ :૪-૫-૧૧ના રોજ સવારના ૯ થી ૧૨ દરમ્યાન બાળરોગ નિદાન કેમ્પ યોજવામાં આવેલ છે. આ કેમ્પમાં ડૉ. જગદીશ શાહ (એમ.ડી.પેડ) તથા ડૉ. તુષાર ઈશનાવા (એમ.બી.ડી.સી.એચ.) સેવાઓ આપશે.

**(૨) તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પ :-** હોસ્પિટલમાં આગામી તારીખ ૧૭-૫-૧૧ના રોજ સવારના ૯ થી ૧૨ દરમ્યાન સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવેલ છે. આ કેમ્પમાં ચામડી, ઈ.એન.ટી., માનસીક, ઓર્થો, ફિજીશીયન, સર્જન, બાળકોના રોગોના નિષ્ણાંત

ડોટકર તથા દાંતના રોગોના નિષ્ણાત ડોકટર સેવાઓ આપશે.

**(૩) શ્રી જયંતિલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડસ્ટોરેજ સેન્ટર :** હોસ્પિટલમાં તારીખ ૨૬-૩-૧૧ના રોજ હોસ્પિટલ તથા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી બાલાસિનોરના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૨ (બાવન) બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ નડીયાદની રેડક્રોસની ટીમે કેમ્પનું સંચાલન કરેલું.

**સંપર્ક :**

શ્રી રાજેન્દ્ર દેસાઈ (મંત્રીશ્રી) - ૯૮૨૦૦૮૦૧૯૪

શ્રી નિતિન પરીખ (મંત્રીશ્રી) - ૯૮૨૧૦૩૯૦૮૭

**શ્રી યોગેશ ધારીઆ**

(કન્વીનર, ભંડોળ સમિતિ) - ૯૮૨૧૫૪૪૯૫૦

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

**સહર્ષ યોજે છે શ્રી મહાપ્રભુજીની બેઠક યાત્રા સંઘ**

**બનારસ - ચરણાટ - અલ્હાબાદ - અડેલ**
**અયોધ્યા - ચિત્રકુટ - નેમીષારણ્ય**
**અજીપુર - જનકપુર (૧૦ બેઠકો)**

| | | |
|---|---|---|
| યાત્રા પ્રયાણ | - | ૧૩.૯.૨૦૧૧ મંગળવાર |
| યાત્રા આગમન | - | ૨૬.૯.૨૦૧૧ સોમવાર |
| યાત્રા સામેલ | - | Three Tier Train Journery<br>A/c 2 x 2 Coach<br>All Break Fast + Lunch - Dinner<br>Two time in Room |
| ન્યોછાવર | - | ૧૯,૦૦૦/- |
| બીપીન કી. દોશી | - | ૯૮૨૧૩૧૬૨૩૩ |
| મંજુલ એસ. ધારીઆ | - | ૯૮૨૦૧૩૫૦૧૪ |
| ધર્મેશ જે. શાહ | - | ૯૮૨૦૩૪૧૩૭૧ |
| કેતન બી. મોદી | - | ૯૩૨૨૨૭૭૭૩૩ |
| ભૂપેન્દ્ર સૂ. કડકીઆ | - | ૯૮૯૨૫૫૮૫૪૪ |

**શ્રીજી**

## 'ના કોઈ સમજે'

સંસાર માંડયો ત્યારે, જુદા એક થાય,
ખેલ પુરો થયો, એક જાયને બીજો રહી જાય !
ના કોઈ સાથે આવ્યું, ના સંગાથે જાતું,
કર્મ પુરા કરી, જુદી દિશાયે જાતું !
આ ઘટમાળને 'શ્રીજી', તુજ વિના ના કોઈ સમજે,
લેણું જગનું પુરૂ કરી, તુજ દરબારે આવે !
શોક તેર' દિનો લાગે, પછી સૌ વિખરાય,
છૂટા પડેલા સ્વજનોની, માયા પછી વિસરાય !
જીવતાં કર્મ એવું કરીએ, નામ અમર રહી જાય,
ફૂલ રૂપી કાયા તારી, ખુદ જાયને સુવાસ મહેકતું થાય !

**'ચાંદશા' ચંદ્રકાંત શાહ (ચટઈ)**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1) **Jyoti Sales Corporation**
**R. N. Desai**
102, Masjid Apartments, 1st Floor,
Bhardawadi Lane, Nr. S.V. Road,
Andheri (West), Mumbai - 400058
Ph. : 26773342 (M) : 9821888098

2) **Shri Jitendra Shantilal Kadakia**
704, Concord, M.G. Cross Road No.4,
Behind Patel Nagar,
Kandivali (West), Mumbai - 400067
Ph. : 28621002
Jitendra : 98699 07545 / 97692 02775
Malti : 99699 48753
Email : kellen1998@gmail.com

3) **Shri Rajesh Kirtanlal Kadakia**
1303, Rajshree (1) C.H.S.Ltd.
Eksar Road, Nr. Kala ni Ketan Show Room
Royal Complex, Borivali (West)
Mumbai - 400 091
Ph. : 28944107 (M) 9820645763

4) **Shri Sameer Gokaldas Parikh**
2nd Parsi Vado, Karan Baug,
3rd Floor, Room No. - 59
Mumbai - 400004
Ph. : 65245384 (M) 9892591200

5) **Shri Pankaj N. Kadakia**
B/403, 4th Floor, Plot No. - 517-E
Shree Mansirish Co.op. Hsg. Soci.Ltd,
Chickuwadi, Simpoli Road,
Borivali (West), Mumbai - 400 092
Ph. : 022 - 65873203

6) **Shri Paresh O. Parikh**
863, Wood Point, Dr. Apl-G Chesterfiled,
M.O. 63017
M. - 001-312-543-8204

## નવા ટેલીફોન નંબર

૧) શ્રીમતી કુસુમબેન નવનીતલાલ કડકીઆ (મલમ)
ફોન : ૯૮૧૯૨૪૩૦૪૯

## લગ્ન નોંધ

**હર્ષલ** અજયકુમાર પ્રવિણચંદ્ર દોશી
**શિરાલી** કલ્પેશ કાંતીલાલ કડકીઆ (બનડા)

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| પુષ્પાબેન (તારાબેન) નટવરલાલ મોદી (ચક્ષુદાન કરેલ છે.) | ૮૬ |
| ઉદીપ જતીનભાઈ કડકીયા (બેરા) | ૨૬ |
| મહેન્દ્ર માધવલાલ ત્રિવેદી | ૮૦ |
| કુસુમબેન પુનમચંદ પરીખ (અઘોલી) | ૭૬ |
| કુસુમબેન રસીકલાલ પરીખ (સમાધાની) | ૭૪ |
| દેસાઈ રજનીભાઈ | |

**ચક્ષુદાન કરેલ છે**



**પુષ્પાબેન (તારાબેન) નટવરલાલ મોદી**
ઉંમર વર્ષ ૮૬

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘની
# વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટે કાર્યવાહક સમિતિના સભ્યોની
# ૭ બેઠકોની ખાલી પડતી બેઠકોની ચૂંટણી અંગે

વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટે કાર્યવાહક સમિતિના સભ્યોની ૭ બેઠકો માટે ઉમેદવારી પત્રકો મેળવવાની તા. ૨૧.૫.૨૦૧૧, શનીવાર અને સ્વિકારવાની છેલ્લી તારીખ ૨૫.૫.૨૦૧૧ના બુધવારના રોજ સાંજે ૭.૦૦ કલાક સુધી. ઉમેદવારી પત્રકો પાછાં ખેંચવાની તારીખ ૧.૬.૨૦૧૧ના બુધવાર સાંજે ૭.૦૦ કલાક સુધી.

**સ્થળ :** શ્રીમતી તારાબેન રતીલાલ પરીખ કાર્યાલય, ૧૧૮/૧૨૦ આરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪ (સમય : બપોરે ૨.૦૦ થી સાંજે ૭.૦૦) ચૂંટણીની જરૂર પડતાં ચૂંટણી વાર્ષિક સામાન્ય સભાનાં દિવસે રાખવામાં આવશે.

**ખાલી પડતી બેઠકો નીચે મુજબ છે**

**શહેર વિભાગ**

૧) શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીઆ
૨) શ્રી સમીર જયેન્દ્રભાઈ ગાંધી
૩) શ્રી ભાવેશ બીપીનચંદ્ર મોદી
૪) શ્રી જાસ્મીન બીપીનભાઈ શેઠ

**ઉપનગર વિભાગ**

૧) શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ
૨) શ્રી ભરત કાંતીલાલ પરીખ
૩) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ

**નોંધ :**

૧) દરેક ઉમેદવારે લેખિત અરજી કરીને પોતાનું ઉમેદવારી પત્રક સંસ્થાના કાર્યાલય ખાતેથી મંગાવવાનું રહેશે.
૨) દરેક ઉમેદવારે પોતાના ફોર્મ પોતે જ ભરવાના રહેશે.
૩) દરેક ઉમેદવાર સંસ્થાનો આજીવન સભ્ય હોવો જરૂરી છે.
૪) દરેક ઉમેદવારના સમર્થનમાં રજુઆત કરનાર સભ્ય ચાલુ વર્ષની કારોબારીનો સભ્યો હોવો ફરજીયાત છે અને અનુમોદન આપનાર સંઘનો સભ્ય હોવો ફરજીયાત છે.

**માનદ્ મંત્રી - મંજુલ ધારીઆ (હેડ માસ્તર)**